# નવસારી કૃષિ યુનિવર્સિટી

નવસારી – ૩૯૬ ૪૫૦, ગુજરાત, ભારત

NAVSARI AGRICULTURAL UNIVERSITY

## –: પરિપત્ર :–

આથી સંબધકર્તા સર્વેને જણાવવાનું કે, સ્નાતક / અનુસ્નાતક / પોલીટેકનીક ડીપ્લોમા કક્ષાના વિવિધ અભ્યાસક્રમોની સત્રાંત પરીક્ષા માહે મે–૨૦૧૭/જુલાઈ–૨૦૧૭માં યોજાનાર છે. આ સત્રાંત પરીક્ષાઓના પરિણામ તૈયાર કરવા માટે ઓનલાઈન એકઝામીનેશન સોફટવેર ઓફ એનએયુ કાર્યરત છે. જેમા નીચે પ્રમાણેની કામગીરી કરવાની રહેશે.

(૧) **સ્નાતક / અનુસ્નાતક / પોલીટેકનીકઃ– સ્ટાફ કોર્ષ મેપીંગ (Staff Course Mapping) :–**

સ્નાતક, અનુસ્નાતક અને પોલીટેકનીક ડીપ્લોમા કક્ષાના અભ્યાસક્રમોની લેવાનાર પરીક્ષા માટે જે શિક્ષકો ધ્વારા વિષયો ભણાવેલ હોય તેઓનું સ્ટાફ કોર્ષ મેપીંગ આચાર્યશ્રીની કચેરીએથી સમયસર કરવાનું રહેશે.

***સ્નાતક કક્ષાએ જે ફેકલ્ટીમાં કોમન પરીક્ષાઓ યોજાતી હોય, તેનું સ્ટાફ કોર્ષ મેપીંગ સમયસર કરી દેવું જેથી એક્ષટર્નલ એકઝામીનરની પેનલ સોફટવેરમાં સમયસર બનાવી શકાય.***

(૨) **અનુસ્નાતક વિદ્યાર્થીઓ માટેઃ– સ્ટુડન્ટ સબ્જેકટ મેપીંગ (Student Subject Mapping) :–**

અનુસ્નાતક કક્ષાના અભ્યાસક્રમોની લેવાનાર પરીક્ષા માટે વિદ્યાર્થીઓના મેજરગાઈડ ધ્વારા વિદ્યાર્થીને સેમેસ્ટરમાં ઓફર કરેલ વિષયોનું મેપીંગ મેજર, માઈનોર, સપોર્ટીગ/એપ્લાઈડ, નોન–ક્રેડિટ કંમ્પલસરી કોર્ષીસ (પીજીએસ કોર્ષીસ), રીસર્ચ (થીસીસ) વિગેરે લાગુ પડતાં હોય, તે ધ્યાન રાખીને સબ્જેકટ મેપીંગ ***તા.૨૦/૦૫/૨૦૧૭*** કરવાનું રહેશે.

***વધુમાં મેજરગાઈડે માસ્ટર/ડોકટરેટ રીસર્ચ વિષય એટલે કે વિદ્યાર્થી જે સેમેસ્ટરમાં થીસીસ સબમીટ (કચ્ચા બાઉન્ડ) કરવાનો હોય, તે સેમેસ્ટરમાં મેપ કરવાનો રહેશે.***

વધુમાં જણાવવાનું કે, માસ્ટર/પીએચ.ડી. ડીગ્રીમાં અભ્યાસ કરતાં જે વિદ્યાર્થીઓનો અભ્યાસ નિયત સેમેસ્ટરમાં પૂર્ણ થયેલ નથી તથા જેમને સેમેસ્ટરમાં વધારાની મંજુરી મેળવી અભ્યાસ કરેલ છે તેવા વિદ્યાર્થીઓના નામ અત્રેની કચેરીને મોકલી આપવાના રહેશે. જેથી તેઓની કાર્યવાહી હાથ ધરી શકાય.

(૩) **અનુસ્નાતક વિદ્યાર્થીઓ માટેઃ– સ્ટુડન્ટ સપ્લી. મેપીંગ (Student Supple Mapping) :–** અનુસ્નાતક કક્ષાના અભ્યાસક્રમોની લેવાનાર પરીક્ષા માટે વિદ્યાર્થીઓના મેજરગાઈડ ધ્વારા વિદ્યાર્થી અગાઉના સેમેસ્ટરમાં નાપાસ થયેલ વિષયની પરીક્ષા આપવાનો હોય, તો તેનું મેપીંગ પણ કરવાનું રહેશે. જેમાં વિષયોની સામે ટીક માર્ક (√) કરી સેવ કરવાનું રહેશે અને સ્ટેટસમાં મેપ આવશે, જે ચેક કરી લેવાનું રહેશે.

ઉપરોકત પરિપત્રનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

જા.નં. નકૃયુ/રજી/પરીક્ષા/સોફટવેર/ ૧૮૬૦-૬૪ /૨૦૧૭,
તા. ૦૯/૦૫/૨૦૧૭

કુલસચિવ

**નકલ સવિનય રવાના જાણ તેમજ ઘટતું થવા સારૂં :**

(૧) સંશોધન નિયામક અને અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષશ્રી, ન.કૃ.યુ., નવસારી.
(૨) આ યુનિવર્સિટીની તમામ મહાવિદ્યાલયના આચાર્યશ્રીઓ.
(૩) આ યુનિવર્સિટીની તમામ પોલીટેકનીકના આચાર્યશ્રીઓ.
(૪) નિયામકશ્રી, ઈન્ફોર્મેશન ટેકનોલોજી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી.
(૫) આ શાખાના યુજી / પીજી / પોલીટેકનીક ટેબલ તરફ.